# જૈન શબ્દાવલિ

(જૈન પારિભાષિક શબ્દોનો સરળ ગુજરાતી અર્થ)

સંપાદન-સંકલન
ડૉ. શેખરચંદ્ર જૈન
ડૉ. નિરંજનાબહેન વોરા
શોભનાબહેન શાહ

આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦ ૦૧૪

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

આતરરાષ્ટ્રીય જૈનાવિદ્યા અધ્યયનકેન્દ્ર પ્રકાશન શ્રેણી પુ.૪

# જૈન શબ્દાવલિ

(જૈન પારિભાષિક શબ્દોનો સરળ ગુજરાતી અર્થ)

સંપાદન-સંકલન :
ડૉ. શેખરચંદ્ર જૈન
ડૉ. નિરંજનાબહેન વોરા
શોભનાબહેન શાહ

આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયનકેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશક
રાજેન્દ્ર ખીમાણી
કુલસચિવ
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦ ૦૧૪

© ગૂજરાત વિદ્યાપીઠ

પ્રથમ આવૃત્તિ, પ્રત ૫૫૦, ફેબ્રુઆરી ૨૦૦૦
પુનર્મુદ્રાણ પ્રત ૧,૨૫૦, જાન્યુઆરી ૨૦૧૦
કુલ પ્રત : ૧૮૦૦

ISBN 978-81-89854-40-9

કિંમત રૂ. ૧૦-૦૦

મુદ્રક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રાણાલય,
અમદાવાદ-૩૮૦ ૦૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# બે બોલ

જૈનદર્શન પાસે એમની આગવી પરિભાષા છે.

આ પરિભાષાનો ગુજરાતીમાં અર્થબોધ થાય એ જરૂરી છે. આ લઘુ પુસ્તિકા તેનો આરંભ છે.

આશા છે કે જૈનદર્શનના અભ્યાસીઓને આથી ઘણી મદદ થશે.

ગુજરાત વિદ્યાપીઠ
તા. ૨૬-૨-૨૦૦૦

**ગોવિંદભાઈ રાવલ**
કુલનાયક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જૈન શબ્દાવલિ

પ્રસ્તુત શબ્દાવલિ જૈનદર્શનમાં ઉપયોગમાં લેવાતા શબ્દોને સરળ ગુજરાતીમાં મૂકવાનો નમ્ર પ્રયાસ છે. ગુજરાતમાં વિપુલ પ્રમાણમાં જૈન સાહિત્ય લખાયું છે, તે મૂળ પ્રાકૃત-સંસ્કૃત અને ગુજરાતીમાં છે. ઘણા જૈન-જૈનેતર લોકો સાહિત્યને વાંચવા પ્રેરિત થાય છે – અધ્યયન કરે છે પરંતુ કેટલાક જૈનદર્શનના પારિભાષિક શબ્દો(ટેક્નિકલ શબ્દો)ના અર્થો ગુજરાતી માતૃભાષામાં સમજવામાં તકલીફ પડે છે.

ગૂજરાત વિદ્યાપીઠમાં ચાલતા આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયનકેન્દ્રમાં અભ્યાસ અર્થે જૈનેતર વિદ્યાર્થીઓ જ્યારે આવે છે ત્યારે તેમને પણ આ તકલીફ લાગે છે. આ દૃષ્ટિએ વિભાગે નક્કી કર્યું કે પ્રચલિત, રોજબરોજના અભ્યાસમાં જે શબ્દોનો ઉપયોગ થાય છે તેવા પરંપરાગત શબ્દોના સરળ ગુજરાતીમાં અર્થ પ્રસ્તુત કરવામાં આવે તો અધ્યેતાને સરળતા રહે. આ દૃષ્ટિએ અમે આ લગભગ ૩૫૦ શબ્દોના સરળ ગુજરાતીમાં અર્થ પ્રસ્તુત કર્યા છે અને વિશ્વાસ છે કે આ શબ્દાર્થ કોઈ પણ નવા જિજ્ઞાસુ પાઠકને જૈનદર્શન ગુજરાતીમાં સમજવામાં મદદરૂપ થશે.

આ કાર્યમાં વિભાગના સહકાર્યકર ડૉ. નિરંજનાબહેન વોરા, શોધછાત્રા કુ. શોભનાબહેન શાહે કાર્ય સંપન્ન કરવામાં જે મહેનત કરી છે તે માટે તેઓ પણ આ યશના ભાગીદાર છે.

માનનીય કુલનાયક શ્રી ગોવિંદભાઈ રાવલે બે બોલ લખીને અમારો ઉત્સાહ વધાર્યો છે. તેમના પણ આભારી છીએ. આ શબ્દાવલિના પ્રકાશનમાં આચાર્ય શ્રી કનુભાઈએ રસ લઈ કાર્ય સંપન્ન કરાવ્યું છે તેમનો પણ આભાર.

અંતમાં આપ સહુ પાઠકોને આ લઘુ પુસ્તિકા ઉપયોગી નીવડે એટલે અમારી મહેનત સફળ થઈ ગણાય.

**ડૉ. શેખરચંદ્ર જૈન**
માનદ નિયામક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જૈન શબ્દાવલિ

## જૈનદર્શનના શબ્દોની ગુજરાતી સૂચિ

**અ**

| | | |
|---|---|---|
| અકેવલી/ છદ્મસ્થ | - | ગૃહસ્થ, સંસારમાં રહેલો જીવ અથવા કેવલજ્ઞાન પ્રાપ્તિની પૂર્વાવસ્થા |
| અગિયાર પ્રતિમા | - | ૧૧ ઉત્તરોત્તર વ્રતધારણ કરવાના યમનિયમ |
| અગુરુલઘુ | - | સમ (ન વધારે વજનદાર કે ન વધારે હલકું) |
| અઘાતિ કર્મ | - | આત્માના જ્ઞાનગુણને ઘાત નહીં કરનાર કર્મ |
| અચક્ષુદર્શન | - | નેત્ર સિવાય શેષ ઇન્દ્રિય તથા મનથી થવાવાળા-મતિજ્ઞાનથી પૂર્વ થવાવાળો સામાન્ય પ્રતિભાવ |
| અચિત | - | જીવરહિત પદાર્થો |
| અચેલક | - | વસ્ત્ર વગરના દિગંબર સાધુ |
| અચૌર્યાણુવ્રત | - | ચોરી નહીં કરવાનું વ્રત |
| અજીવ | - | સુખદુઃખનું જ્ઞાન તથા હિત-અહિતનો ભય જેને હોતો નથી તે અજીવ |
| અજ્ઞાન પરીષહ | - | જીવનરહિત |
| અટ્ઠમ તપ | - | સતત ત્રણ ઉપવાસ કરવાની ક્રિયા, તેલા |
| અણુ | - | બધા સ્કંધોનો અંતિમ ભાગ |
| અણુવ્રત | - | આંશિક વ્રતધારણા |
| અણુવ્રતધારી | - | આંશિક વ્રતધારી શ્રાવક |
| અતિચાર | - | દર્શન મોહનીયના કારણે શ્રદ્ધાનથી વિચલિત થવું તે, વ્રતભંગ થવો |
| અતિશય ક્ષેત્ર | - | ચમત્કારિક ક્ષેત્ર |
| અધર્મ દ્રવ્ય | - | રોકાવવામાં મદદ કરનાર દ્રવ્ય |
| અધિગમ | - | પદાર્થનું જ્ઞાન |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| અધિગમજ | – | શાસ્ત્રો કે ઉપદેશથી પ્રાપ્ત કરેલું જ્ઞાન |
| અધ્યવસાન | – | સ્વ અને પરનું જ્ઞાન ન હોવાથી જીવની જે નિશ્ચિતિ થાય છે તે |
| અનગાર ધર્મ | – | મુનિધર્મ |
| અનન્તાનુબંધી | – | અનન્ત સંસારના કારણરૂપ |
| અનર્થદંડ વ્રત | – | અનાવશ્યક પાપકર્મથી બચવું |
| અનશન | – | ઉપવાસ, ચારે પ્રકારના આહારનો ત્યાગ |
| અનાકાંક્ષી | – | કોઈ ઈચ્છા ન રાખનાર |
| અનાહાર | – | આહાર (ભોજન) વગર રહેવું |
| અનુદિક્ | – | દરેક દિશામાં રહેલાં વિમાનો, કલ્પાતીત સ્વર્ગનો એક ભેદ |
| અનુપ્રેક્ષા | – | વિશેષરૂપે આત્માનું ચિંતવન કરવું |
| અનુભાગ બંધ | – | દ્રવ્યની શક્તિ (બંધનો એક પ્રકાર) |
| અનુયોગ | – | વિભાગ |
| અનેકાન્ત | – | વિવિધ દૃષ્ટિથી વસ્તુના મૂલ્યાંકનની પદ્ધતિ |
| અન્તઃકૃત કેવલી | – | જેઓએ સંસારનો અંત કર્યો છે તે |
| અન્તરાય કર્મ | – | વિઘ્ન ઉત્પન્ન કરનાર કર્મ |
| અન્તઃમુહૂર્ત | – | એક સમયનું માપ |
| અપધ્યાન | – | રાગ, દ્વેષયુક્ત વિચારો કરવા તે |
| અપાય | – | સ્વર્ગ અને મોક્ષની ક્રિયાઓનો વિનાશ કરનાર પ્રવૃત્તિઓ |
| અપાય વિચય | – | ધ્યાનનો એક પ્રકાર |
| અપ્રત્યાખ્યાન | – | અસંયમ ભાવ |
| અભક્ષ્ય | – | નહીં ખાવા યોગ્ય પદાર્થ |
| અભવ્ય | – | મિથ્યાત્વ દૃષ્ટિ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભિગ્રહ - નિયમ

અભ્યંતર ક્રિયારોધ- શુદ્ધાત્મા અનુભવના બળ દ્વારા સ્થિરતાનુસાર શુભ-અશુભ મનના વિકલ્પરૂપ ક્રિયાના વ્યાપારનો રોધ થવો

અમનસ્ક - મનરહિત જીવ, અસંજ્ઞી

અમારિ - હિંસા પરનો પ્રતિબંધ

અમૂઢ દૃષ્ટિ - જ્ઞાનપૂર્ણ દૃષ્ટિ

અમૂર્તિક - સ્પર્શ, રસ, ગન્ધ અને વર્ણરહિત

અયોગ કેવલી - પૂર્ણ કેવલજ્ઞાન પ્રાપ્ત કરનાર

અરિહન્ત - જેઓએ કર્મરૂપી શત્રુનો નાશ કરી ઘાતિ કર્મ ખપાવી કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે

અર્ધનારાચ - એક પ્રકારની શરીરરચના (કમજોર હાડકાંવાળા)

અર્હત્ - જેઓએ અરિહંતપદ પ્રાપ્ત કર્યું છે

અલોકાકાશ - લોકની બહારનો પ્રદેશ

અવધિજ્ઞાન - મન, ઇન્દ્રિય વગર અમુક જ્ઞાન પ્રાપ્ત થવું

અવધિદર્શન - અવધિજ્ઞાનથી પૂર્વ થવાવાળો સામાન્ય પ્રતિભાસ; અવલોકન

અવમૌદર્ય - ક્રમશઃ ભોજનમાં કમી કરવી તે (એકાસણું)

અવસર્પિણી - પતનકાલ; અવનતિ થવી

અવિપાક નિર્જરા - આત્માના શુદ્ધભાવ દ્વારા સ્થિતિ પૂર્ણ થયા પૂર્વે કર્મો બળી જવાં

અશરણાનુપ્રેક્ષા - કોઈ શરણ આપનાર નથી તેવી ભાવના

અષ્ટમાતા - પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરવું તે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટાદશ દોષ - અઢાર દોષ -(તીર્થંકર અઢાર દોષથી મુક્ત હોય છે) ક્ષુધા, તૃષા, ભય, ક્રોધ, રાગ, મોહ, ચિંતા, જરા, રોગ, મૃત્યુ, સ્વેદ, ખેદ, મદ, રતિ, વિસ્મય, નિદ્રા, જન્મ અને ઉદ્વેગ

અસંજ્ઞી - જ્ઞાનરહિત; મન વગરના

અસ્તિકાય - જેનું અસ્તિત્વ અને કાય છે તેવું દ્રવ્ય

અંગ - મૂળ ધર્મગ્રંથ (આગમ ગ્રંથ)

અંતરાય - જ્ઞાન, તપ, આરાધનામાં મોહને કારણે નિરંતર આવતાં વિઘ્ન

**આ**

આકાશ - જીવ, પુદ્‌ગલાદિ સમસ્ત દ્રવ્યોને અવકાશ આપવાવાળું દ્રવ્ય જે અનંત પ્રદેશી, અખંડ અને ક્ષેત્રથી સર્વવ્યાપક છે, તે અજીવ દ્રવ્ય છે.

આગારધર્મ - ગૃહસ્થ ધર્મ

આચાર્ય - સંઘસંચાલન કરનાર જ્ઞાનવૃદ્ધ સર્વોપરી મુનિ

આતપ - સૂર્ય અને સૂર્યકાન્તમણિમાં રહેવાવાળો વિશેષ ગુણ

આદાન નિક્ષેપણ - વસ્તુને લેવા અને મૂકવામાં હિંસા ન થાય તેનું ધ્યાન રાખવું

આયંબિલ - છ રસ ત્યાગીને ભોજન કરવું

આયંબિલ

વર્ધમાન તપ - તપનો એક પ્રકાર

આયુકર્મ - જેનાથી સ્વસ્થ લાંબું કે અસ્વસ્થ ટૂંકું આયુષ્ય પ્રાપ્ત થાય

આરા - સમયકાળ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આર્ત ધ્યાન - અશુભ ધ્યાનનો એક પ્રકાર - જેમાં મોહનીય ભાવના લીધે વસ્તુપ્રાપ્તિની સતત ઝંખના રહે

આશાતના - દુઃખ, ગુરુજનો ઉપર મિથ્યા આક્ષેપ કરવો, અવજ્ઞા કરવી

આસ્રવ-આશ્રવ - આવવું

ઈ

ઈન્દ્રિય - આત્માના અસ્તિત્વને બતાવવાવાળી અને પરોક્ષ જ્ઞાનની ઉત્પત્તિમાં નિમિત્ત

ઈર્યાસમિતિ - માર્ગમાં સંભાળીને ચાલવાની ક્રિયા

ઉ

ઉણોદર - ભૂખ કરતાં ઓછું જમવું તે

ઉત્તરગુણ - મૂળ ગુણથી વિશેષ, મૂળ ગુણની રક્ષા કરવા માટેની ક્રિયા

ઉત્પાદ - દ્રવ્યમાં નવીન પર્યાયનું પ્રકટ થવું

ઉત્સર્પિણી - ઉન્નત કાળ, ઉત્કર્ષનો સમય

ઉદીરણા - સમયથી પૂર્વ ઊર્ધ્વમાં આવતી ફળપ્રાપ્તિ, નિશ્ચિત સમયથી પહેલાં કર્મનો ઉદય થવો

ઉદ્દિષ્ટ આહાર - કોઈના નિમિત્તથી તૈયાર કરવામાં આવેલું ભોજન

ઉદ્યોત - ચન્દ્ર, ચન્દ્રકાન્તમણિ અને ખદ્યોત આદિનો પ્રકાશ

ઉપવાદ - દેવ, નારકીઓનું ઉત્પત્તિ સ્થળ

ઉપયોગ - ચેતના કે જે જીવનું લક્ષણ છે તે

ઉપવાસ - કોઈ પણ પ્રકારના આહાર - પાન વગર રહી આરાધના કરવી

ઉપશમ - શાંત થવું

ઉપાદાન - મુખ્ય ભાવ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ઉપાધ્યાય | – પરમેષ્ઠી નવદીક્ષિત સાધુઓ અને શ્રાવકોને આગમનો ઉપદેશ આપનાર; દ્વાદશાંગ વાણીના જ્ઞાતા |

**ઓ**

| | |
|---|---|
| ઓમ્ | – ભાવરૂપ 'ઓમ' શુદ્ધાત્મા છે, તેનો વાચક શબ્દ 'જિનેશ્વરની દિવ્ય વાણી' છે; અરિહંત આદિ પાંચ પરમેષ્ઠીના પ્રથમ અક્ષરોથી બનેલો શબ્દ, જેનાથી પાંચ પરમેષ્ઠીનું ધ્યાન થઈ શકે છે. |
| ઓળીવ્રત | – નવપદ : અરિહંત સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચરિત્ર અને તપની આરાધના |

**ઔ**

| | |
|---|---|
| ઔદારિક | – મનુષ્ય અને પશુના શરીરને ઔદારિક શરીર કહેવાય |
| ઔદારિક શરીર | – ઉદરમાંથી જન્મ લેનાર શરીર |

**ક**

| | |
|---|---|
| કરુણાનુયોગ | – લોક, જૈન ભૌગોલિક જ્ઞાન આપતા ગ્રંથો |
| કર્મ | – રાગ, દ્વેષને કારણે આત્મા સાથે જે પુદ્ગલ બંધાય છે તે, આત્માની સત્-અસત્ પ્રવૃત્તિ દ્વારા આકૃષ્ટ અને કર્મરૂપે પરિણત થનાર પુદ્ગલવિશેષ. |
| કલ્પ | – સમયનો એક ભાગ |
| કલ્યાણક | – તીર્થંકરોના જન્મથી નિર્વાણ સુધીના પાંચ કાળના સૂચક પ્રસંગ |
| કવલાહાર | – ભોજન લેવાની ક્રિયા |
| કષાય | – આત્માનું કલુષિત પરિણામ; જેનાથી સંસારની વૃદ્ધિ થાય છે |
| કાય | – શરીર અને ઇન્દ્રિય |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાય ક્લેશ - ઉગ્ર તપ વડે શરીરને તપાવવું

કાયોત્સર્ગ - શરીરનો મોહ છોડવો તે

કાર્માણ - સર્વ કર્મોનો આધાર જેની રચનામાં નિમિત્તરૂપ હોય છે તે શરીર; કર્મોનું કાર્ય કાર્માણ શરીર છે; અષ્ટકર્મોનો સમુદાય એટલે કાર્માણ

કાર્માણ શરીર - અષ્ટકર્મોના સૂક્ષ્મ, પુદ્‌ગલ સ્કંધના સંગ્રહનું નામ કાર્માણ

કાલદ્રવ્ય - પોતપોતાની અવસ્થાના રૂપથી સ્વયં પરિણમિત જીવાદિ દ્રવ્યોના પરિણમનમાં નિમિત્તરૂપ જે દ્રવ્ય છે તે

કિં પુરુષ - કામવાસનામાં સતત રુચિ રાખનાર પુરુષ

કેવલજ્ઞાન - જે ત્રાણે લોક અને ત્રાણે કાલવર્તી સમસ્ત પદાર્થોને એકસાથે એક જ સમયે સ્પષ્ટ જાણે તેવું સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન

કેવલદર્શન - કેવલજ્ઞાનની સાથે થવાવાળા સામાન્ય અવલોકનને કેવળદર્શન કહે છે.

કેવલી - જેઓને કેવળજ્ઞાન અર્થાત્ સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું છે

કેવલીનાથ - કેવલજ્ઞાનાદિ અનન્ત ચતુષ્ટયના ધારક

ક્રમબદ્ધ પર્યાય - ક્રમથી થનાર સમસ્ત કાર્યો

ક્ષપકશ્રેણી - કર્મક્ષય કરીને ઊર્ધ્વગતિ

ક્ષયોપશમ - કર્મોનો એક દેશ ક્ષય થવો તે

ક્ષાયિક - સંપૂર્ણ નષ્ટ થનાર

ક્ષુલ્લક - નાનો સાધુ, શ્રાવકની ૧૧ પ્રતિમામાં ઉત્કૃષ્ટ પ્રતિમાધારી, જેની પાસે એક કોપીન અને એક ચાદર હોય છે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ખ**

ખરભાગ - ચિત્રાપૃથ્વીનો પ્રથમ ભાગ

ખાદિમ - ખાદ્ય

**ગ**

ગણધર - તીર્થંકરના પ્રમુખ વ્યાખ્યાતા

ગતિ - એક દેશથી બીજા દેશમાં જવું તેને ગતિ કહેવાય છે

ગર્હા - ગુરુ સમક્ષ રોષ પ્રકટ કરવો તે, નિંદા

ગંધકુટી - સમવસરણમાં તીર્થંકર પ્રભુની બેસવાની જગ્યા

ગુણ - દ્રવ્યમાં ભેદ કરવાવાળા ધર્મને ગુણ કહેવાય છે

ગુણવ્રત - ૧૨ વ્રતોમાંના એક વ્રતનો પ્રકાર

ગુણસ્થાન - મોહ અને મન, વચન, કાયની પ્રવૃત્તિને કારણે અંતરંગ પરિણામોમાં થતા પરિવર્તન કે આરોહ-અવરોહનું નામ ગુણસ્થાન છે

ગુપ્તિ - જેના કારણે સંસારનાં કારણોથી આત્માની રક્ષા થાય છે તેને ગુપ્તિ કહેવાય છે

ગોચરી - ભિક્ષાવૃત્તિ

ગોત્રકર્મ - આઠ કર્મમાંનું એક કર્મ જે અઘાતિ છે, જે ઉચ્ચ-નીચ ગોત્રનું કારણ છે

ગ્રૈવેયિક - સ્વર્ગથી ઉપરનું સ્થાન જ્યાં અતિ પુણ્યશાળી દેવોનો નિવાસ છે

ઘાતિકર્મ - આત્માના જ્ઞાનાદિ સ્વાભાવિક ગુણોનો ઘાત કરનાર કર્મ

**ચ**

ચરણ - તત્ત્વાર્થની પ્રતીતિ અનુસાર કરવામાં આવતી ક્રિયા

ચરણાનુયોગ - ગૃહસ્થ અને મુનિઓનાં ચારિત્રલક્ષણોનું વર્ણન કરનાર ગ્રંથ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચરમ - અંતિમ, શ્રેષ્ઠ

ચાતુર્યામ - શ્રી પાર્શ્વનાથપ્રબોધિત ચાર મહાવ્રત

ચારિત્ર - આત્મવિશુદ્ધિ માટે કરવાનો આચારધર્મ

ચૈતન્ય - જેમાં જ્ઞાન તથા દર્શન ઉપયોગ વિદ્યમાન છે

ચ્યવન - અવતરવું

**છ**

છટ્ઠમ તપ - ૨ ઉપવાસનો નિયમ લઈ ઉપવાસ કરવા

છદ્મસ્થ - જ્ઞાનાવરણ અને દર્શનાવરણમાં રહેનાર

છેદોપસ્થાપના - પુનઃચારિત્ર્ય ધારણ કરવાની ક્રિયા

**જ**

જમ્બૂદ્વીપ - અસંખ્ય દ્વીપ અને અસંખ્ય સમુદ્ર છે. તેની મધ્યમાં આવેલો દ્વીપ જમ્બૂદ્વીપ છે. તેના સાત વર્ષક્ષેત્ર છે : ભરત, હૈમવત, હરિ, વિદેહ, રમ્યક, હૈરણ્યવત અને ઐરાવત

જાતિસ્મરણજ્ઞાન - પૂર્વજન્મનું જ્ઞાન

જિન - જેઓએ ઇન્દ્રિયોને જીતી છે તે અરિહંત

જિનવર - જે જિનોમાં શ્રેષ્ઠ હોય તે

જીવ - જે ચેતનાયુક્ત છે

જ્ઞાનાવરણીય કર્મ - જ્ઞાન પર આવરણ કરનાર કાર્ય

**ત**

તપ - શુભાશુભ ઇચ્છાઓને રોકવી

તિર્યક્ ગતિ - પશુ ગતિ

તીર્થ - તીર્થંકરોની વાણી દ્વારા ધર્મની સ્થાપના થવી તે; જેના દ્વારા સંસારસમુદ્રને તરી શકાય તે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| તેજસ્ | - તેજ અને પ્રભાગુણથી યુક્ત શરીર (તપ અને શુદ્ધિ દ્વારા જમણા કે ડાબા ખભેથી વિશેષ પ્રકારનું પ્રજ્વલિત પૂતળા જેવું જે શરીર ઉત્પન્ન કરવામાં આવે છે તે) |
| તેજોલેશ્યા | - ઉષ્ણતાપ્રધાન એક સંહારક શક્તિવિશેષ, લબ્ધિ |
| ત્રસજીવ | - પોતાની રક્ષા માટે હરવાફરવાની શક્તિવાળા જીવ |
| ત્રિરત્ન | - સમ્યક્દર્શન, જ્ઞાન અને ચારિત્ર્ય |

**દ**

| | |
|---|---|
| દર્શન | - સામાન્ય રૂપથી નિરાકાર પ્રતિભાસ, દર્શન ચેતના |
| દર્શનાવરણીય | - દર્શન અર્થાત્ આત્મજ્ઞાનમાં બાધા ઉત્પન્ન કરનાર કર્મ |
| દશમ તપ | - ચાર દિવસનો ઉપવાસ, ચોલા |
| દંડાસન | - ઉપાશ્રયમાં ક્રિયાસ્થાનમાં ક્રિયા કર્યા પછી જીવોની રક્ષાર્થે વપરાતો રજોહરણ |
| દિગ્ વિરતિ વ્રત | - દિશાઓમાં ગમનાગમનની પ્રવૃત્તિઓમાં વ્રત ધારણ કરવું |
| દીક્ષા | - સંસાર ત્યાગીને દીક્ષિત થયેલ |
| દુરભિનિવેશ | - સંશય, વિપર્યય અને અનધ્યવસાય |
| દુષમ-સુષમ | - કાળનો એક પ્રકાર |
| દેવ | - ઔપપાતિક પ્રાણી, તેના ચાર પ્રકાર છે : ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક |
| દેવમૂઢતા | - સરાગી દેવોમાં શ્રદ્ધા |
| દેશવ્રતી | - ગૃહસ્થ |
| દ્વાદશાંગી | - બાર આગમ ગ્રંથ |
| દ્રવ્ય | - જે ગુણ-પર્યાય સહિત અને સત્ સ્વરૂપ છે |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રવ્યબંધ - કર્મ અને આત્માના પ્રદેશોનો એક ક્ષેત્રમાં સંબંધ-વિશેષ

દ્રવ્યમોક્ષ - આત્માથી જ્ઞાનાવરણીય આદિ સમસ્ત કર્મોનો સંબંધ છૂટી જવો

દ્રવ્યલિંગી - આત્માથી જેઓ સાચા સાધુ છે

દ્રવ્યસંવર - દ્રવ્ય આસ્રવોનું અટકાવવું

દ્રવ્યાર્થિક નય - જ્યાં અન્ય અંશોને ગૌણ કરી અંશીને મુખ્યરૂપે જાણવું તે

દ્રવ્યાનુયોગ - તત્ત્વદર્શનનું જ્ઞાન આપતા ગ્રન્થો

દ્રવ્યાસ્રવ - આઠ કર્મોના યોગ્ય પુદ્ગલોનું આવવું

ધ

ધર્મ - જે સંસારનાં દુઃખોથી છોડાવી મોક્ષરૂપી ઉત્તમ સુખની પ્રાપ્તિ કરાવે તે

ધર્મદ્રવ્ય - સ્વયં ગતિરૂપ પરિણત જીવ અને પુદ્ગલોના ગમન કરતી વખતે જે દ્રવ્ય નિમિત્ત છે તે

ધ્રૌવ્ય - પ્રત્યભિજ્ઞાનના કારણરૂપ દ્રવ્યની કોઈ એક અવસ્થાની નિત્યતા

ધ્યાન - સમ્યક્જ્ઞાન દ્વારા પોતાના આત્માને આત્મામાં એકાગ્ર કરવો

ન

નમોક્કાર - જેમાં પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવે છે

નય - વસ્તુના એક અંશ વિશે જાણકારી

નરક - પાપને કારણે જ્યાં અનેક વેદનાઓ સહન કરવી પડે છે તે સ્થળ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવકારસિ - સૂર્યોદય પછી બે ઘડીએ ત્રાણ નવકાર ગણીને નવકારસિનું પચ્ચક્ખાણ પળાય છે

નંદીશ્વર - દ્વીપનું નામ

નામ - જેના વડે અર્થ જાણી શકાય તે

નામકર્મ - જેનાથી સુંદર શરીરની રચના-રંગ-રૂપ પ્રાપ્ત થાય છે

નિકાચિત - સંગ્રહેલાં કર્મો

નિગોદ - જીવની અતિ નિમ્ન અવસ્થા

નિગોધ - જે અનંત જીવોને નિવાસ આપે તે (વનસ્પતિકાયિક જીવ)

નિમિત્ત - ઉપાદાનને જાગ્રત કરનાર

નિયતિ - નિશ્ચિત, ભાગ્ય

નિર્જરા - બંધનો એકદેશ અભાવ

નિર્યાપક - શિક્ષા ગુરુ; સલ્લેખના કરાવનાર

નિશ્ચયચારિત્ર - નિશ્ચય સમ્યગ્ દર્શનપૂર્વક સ્વરૂપમાં ફરવું

નિશ્ચયનય - આત્મા સંબંધી

નિસિહિ - (પાપ વ્યાપારનાં કાર્યો રોકીને) દેરાસરમાં પ્રવેશ વખતે ચૈત્યવંદન, ભાવપૂજામાં પ્રવેશ વખતે બોલાતા શબ્દો

નિહ્નવ - ગુરુ પાસે જ્ઞાન પ્રાપ્ત કરવા છતાં મેં આવું જાણ્યું નથી તેમ કહી ગુરુ અને શાસ્ત્રનું નામ છુપાવવું તે

નિઃકાંક્ષિત - આકાંક્ષા વગર

નિઃશલ્ય - દુઃખ-ચિંતા વગર

નિઃશંકિત - શંકા વગર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ

પડગાહન - મુનિઓને આહાર (ગોચરી) માટે આમંત્રિત કરવાની પદ્ધતિ (દિગંબર સમુદાયમાં વપરાતો શબ્દ)

પદસ્થ ધ્યાન - બીજાક્ષરો દ્વારા કે મંત્ર દ્વારા ધ્યાન ધરવું તે

પરમ ધ્યાન - મન, વચન, કાયાના સન્મુખ રોકાયેલા જીવના પરિણામને અંતર્મુખ કરી નિજ સ્વરૂપમાં સ્થિર થવું

પરમાણુ - પુદ્ગલ દ્રવ્યનો નાનામાં નાનો અવિભાજિત ભાગ

પરમાત્મા - ઉત્કૃષ્ટ આત્મા

પરમેષ્ઠી - જેઓ પરમપદમાં પ્રતિષ્ઠિત થયા છે તે

પરિગ્રહ - લોભકષાયને કારણે થતી સંગ્રહની ભાવના

પરિહાર વિશુદ્ધિ - અત્યંત ઉચ્ચ આદર્શવાળા સાધુને પ્રાપ્ત થાય તે

પરીષહ - સરળ ભાવથી શારીરિક દુઃખ સહન કરવાં

પરોક્ષ ધ્યાન - પાંચ ઈન્દ્રિયો ને મન નિમિત્ત છે તેવું જ્ઞાન

પર્યાય - જે બધી જ બાજુથી ભેદને પ્રાપ્ત કરે; વ્યવહાર

પર્યાયાર્થિક નય - દ્રવ્યાર્થિકથી વિપરીત; વસ્તુના પર્યાયમાં જ મુખ્ય રૂપનો અનુભવ કરવો

પર્યુષણ - વ્રત-નિયમના દિવસો

પંચમેરુ - પૂજાસ્થળ-વિશેષ

પંચામૃત - જલ, ઈક્ષુરસ, ઘી, દૂધ, દહીંથી કરવામાં આવતો અભિષેક

પાપ - અશુભ કર્મ-પુદ્ગલ

પાહુડ - પ્રાભૃત અર્થાત્ પ્રકાર

પાંચ દિવ્ય - અરિહંતના કેવલજ્ઞાન વખતે જે પ્રગટ થાય તે

પાંડુશિલા - સુમેરુ પર્વતની શિલા, જેના ઉપર તીર્થંકરના જન્માભિષેક સમયે અભિષેક કરવામાં આવે છે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| પિચ્છિકા | – રજોહરણ (દિગમ્બર સાધુ મયૂરપિચ્છ રાખે છે) |
| પિંડસ્થધ્યાન | – નિજ આત્માનું ચિંતવન |
| પુણ્ય | – બીજા પ્રત્યે શુભ ભાવ રાખવા તે |
| પુદ્ગલ | – જે દ્રવ્યમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ હોય તે |
| પોષધોપવાસ | – ચાર પ્રકારના આહારનો ત્યાગ |
| પૈશુન્ય | – પીઠ પાછળ દોષ પ્રકટ કરવા |
| પ્રકૃતિબંધ | – જ્ઞાનાવરણીયાદિરૂપ પુદ્ગલ કર્મોનો સ્વભાવ |
| પ્રતિક્રમણ | – સ્વદોષ-દર્શન |
| પ્રતિમા | – ત્યાગનાં ૧૧ સ્થાનો |
| પ્રત્યક્ષ જ્ઞાન | – ઈન્દ્રિયો તથા મનના અવલમ્બન વિના આત્મા પોતાના સ્પષ્ટ જ્ઞાનથી એક દેશ અથવા સંપૂર્ણ રૂપથી પ્રત્યક્ષ જાણે તે |
| પ્રત્યાખ્યાન | – આગામી કાળમાં દોષ ન કરવાની પ્રતિજ્ઞા |
| પ્રથમાનુયોગ | – કથારૂપ ઉપદેશનો ગ્રંથ |
| પ્રદક્ષિણા | – ચતુર્ગતિ નિવારણાર્થે ચાર ભમતી |
| પ્રદેશ | – એક પરમાણુ જેટલું સ્થાન ઘેરે તે |
| પ્રદેશબંધ | – બંધાવેલા કર્મ-પરમાણુઓના આત્મપ્રદેશોની સાથે વિશિષ્ટ રૂપથી એકક્ષેત્રાવગાહ સમ્બન્ધરૂપ રહેવું |
| પ્રમાણ | – જેના દ્વારા પદાર્થનું જ્ઞાન થાય છે |
| પ્રમાદ | – કષાય સહિતની અવસ્થા |
| પ્રશમ | – શાંત |
| પ્રાણાતિપાત | – હિંસાવિષયક વ્યાપાર |
| પ્રાયશ્ચિત્ત | – થયેલા દોષની વિશુદ્ધિ માટે પશ્ચાત્તાપ કરવો |
| પ્રાસુક | – શુદ્ધ (જેમાંથી એકેન્દ્રિય જીવો પણ પૃથક થઈ ગયા છે) |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બ

| | |
|---|---|
| બકુશ | - વ્રતોનું અખંડ રૂપે પાલન કરનાર સાધુ |
| બહિરાત્મા | - ઈન્દ્રિયોને જ સર્વસ્વ માનનાર |
| બંધ | - કર્મોનું બંધાવવું તે |
| બાદર | - સ્થૂળ |
| બાલતપ | - પરમાર્થમાં અસ્થિત તપ કરનાર |
| બાહ્ય ક્રિયા | - શુભ તથા અશુભ વચન તથા કાયાની ક્રિયા |
| બેલા | - બે વખત |
| બ્રાહ્મી | - ભગવાન ઋષભદેવની પુત્રી, બ્રાહ્મી લિપિના આવિષ્કારક |

ભ

| | |
|---|---|
| ભવ્ય | - મોક્ષપ્રાપ્તિની યોગ્યતાવાળા જીવ |
| ભાવાશ્રવ | - આત્માના જે ભાવથી દ્રવ્યકર્મો આવે તે |
| ભાવના | - જેનું પુનઃ પુનઃ ચિંતન કરવામાં આવે તે |
| ભાવનિર્જરા | - આત્માના જે શુદ્ધ પરિણામોથી કર્મોની નિર્જરા થાય તે |
| ભાવમોક્ષ | - મોક્ષના હેતુભૂત પરમ સંવરરૂપ ભાવ |
| ભાવલિંગી | - આત્મામાં જ રમણ કરનાર |
| ભાવસંવર | - આત્માનું શુદ્ધ પરિણામ, જેનાથી દ્રવ્યકર્મો આવતાં નથી |
| ભૂત | - વૃક્ષ વગેરે પ્રાણીઓ |
| ભેદવિજ્ઞાન | - સારા-નરસાની ઓળખાણની દૃષ્ટિ પ્રાપ્ત હોવી |

મ

| | |
|---|---|
| મતિજ્ઞાન | - ઈન્દ્રિય અને મન દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મદ – અભિમાન

મનઃપર્યાય – બીજાના મનની ભાવનાઓને જાણવાનું જ્ઞાન

મહાવ્રત – પૂર્ણ વ્રત, પાંચ વ્રત : અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ

માયા – આત્માનો કુટિલ ભાવ

માર્ગણા – મીમાંસા

મિથ્યાત્વ – તત્ત્વોની વિપરીત શ્રદ્ધા કરવી; સ્વ-પરના એકત્વનો અભિપ્રાય

મુખકોશ અષ્ટપટ – પૂજન વખતે મોં પર બાંધવાનું કપડું, રૂમાલ

મોક્ષ – સંપૂર્ણ કર્મક્ષય પછી આત્માનું પોતાના સ્વરૂપમાં અધિષ્ઠાન થવું તે

મોહનીય – સાંસારિક મોહને કારણે વૈરાગ્ય ભાવમાં વિઘ્ન નાખનાર કર્મ

**ય**

યથાખ્યાતચારિત્ર – આત્માના મૂળ સ્વભાવ જેવું ચારિત્ર; શુદ્ધ ચારિત્ર

યોગ – મન, વચન, કાયાની એકતા

**ર**

રજોહરણ – સાધુ જીવની રક્ષા માટે અથવા ભૂમિપ્રમાર્જન માટે જે સાધન વાપરે છે તે

રત્નત્રય – સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર-મોક્ષમાર્ગ

રસ – સ્વાદને પ્રાપ્ત કરનાર

રૂપસ્થધ્યાન – સર્વ ચિત્તરૂપનું ચિંતન કરવું

રૂપાતીત – શુદ્ધાત્માનું ધ્યાન

**લ**

લક્ષણ – જેના વડે પદાર્થના ગુણો જાણી શકાય તે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લબ્ધિ - જ્ઞાનાવરણ કર્મોના ક્ષયોપશમ વિશેષને લબ્ધિ કહેવાય છે; આત્માની વિશુદ્ધિથી પ્રાપ્ત થનારી વિશિષ્ટ શક્તિ

લાંછન - ચિહ્ન

લિંગ - સાધુનો બાહ્ય વેશ

લેશ્યા - પુણ્ય-પાપના ભાવોને વ્યક્ત કરતાં લક્ષણો-આત્મપરિણામ

લોક - જીવ-અજીવ વગેરે દ્રવ્યોની જ્યાં અવસ્થિતિ છે તે પ્રદેશ

લોકાન્તિક - લોકના અંતમાં રહેલા

લોકાન્તિક દેવ - બ્રહ્મલોકમાં રહેવાવાળા દેવ

લોભ પ્રત્યાખ્યાન - મધ્યમ લોભ કષાય

વ

વહોરાવવું - સાધુને આહાર-પાણી આપવાં

વજ્રનારાચ - વલય-બંધનથી રહિત

વજ્રર્ષભનારાચ-
સંહનન - જેનાં બંને હાડકાંઓ વજ્રાકાર હોય અને દરેક બંધનમાં નારાચ(જોડ) હોય

વર્ગણા - વર્ગોનો સમૂહ

વર્ધમાન - ગુણોની ઉત્તરોત્તર વૃદ્ધિ

વર્ષીદાન - દીક્ષા પૂર્વે કરાતું તપ

વિકલત્રય - દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવ

વિગ્રહગતિ - પૂર્વભવના શરીરને ત્યજીને ઉત્તરભવને ગ્રહણ કરવા માટે ગમન કરવું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| વિભાવ | - સ્વભાવથી વિપરીત; આત્માથી વિરુદ્ધ |
| વિભ્રમ | - વસ્તુના સ્વરૂપને વિપરીત સમજવું |
| વિવિક્ત શય્યાસન | - (કાષ્ટાસન) ધર્મસાધના માટેનું એકાંત સ્થાન |
| વિહાર | - મુનિઓ વગેરેનું ગમન કરવું તે |
| વેત્રાસન | - મૂડાની જેમ અધોલોકનો આકાર |
| વેદ | - લિંગ |
| વૈક્રિયક | - અણિમા, મહિમા વગેરે ગુણોને કારણે શરીરને નાનામોટા સ્વરૂપમાં પરિવર્તન કરવું તે |
| વૈમાનિક | - વિમાનના દેવ |
| વૈયાવૃત્ત | - સેવા |
| વ્રત | - સંકલ્પપૂર્વક નિયમ લેવા તે; સંપૂર્ણ નિયમ લેવા તે |
| વ્રતપરિસંખ્યાન | - નિયમ નક્કી કરવા તે |
| વ્યભિચાર | - અસત્યને સત્ય માનવું તે |
| વ્યય | - દ્રવ્યના પૂર્વ-પર્યાયનો ત્યાગ |
| વ્યવહાર | - બાહ્ય |
| વ્યુત્સર્ગ | - શરીરનું મમત્વ છોડવું તે |

**શ**

| | |
|---|---|
| શબ્દ | - શ્રોત્રેન્દ્રિયનો વિષય |
| શલાકાપુરુષ | - અતિ પ્રસિદ્ધ; જૈન ધર્મમાં ત્રેસઠ શલાકાપુરુષો માનવામાં આવે છે |
| શલ્ય | - પીડા આપનાર વસ્તુ |
| શાસ્ત્ર | - જેમાં અનેકાંતરૂપ સત્ય જીવાદિ તત્ત્વોનું નિરૂપણ છે તથા જે સત્ય રત્નત્રય રૂપ મોક્ષમાર્ગ બતાવે છે તે જૈનશાસ્ત્ર છે. |
| શિક્ષાવ્રત | - બાર વ્રતોમાંના એક ભાગરૂપ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શીલ - વ્રતોની રક્ષા કરવી તે

શુક્લ ધ્યાન - પૂર્ણ કષાયરહિત જ્ઞાન

શૌચ - પવિત્રતા; લોભનો ત્યાગ

શ્રાવક - વિરક્તચિત્ત અણુવ્રતી ગૃહસ્થ

શ્રુતકેવલી - સર્વ શ્રુતજ્ઞાનનો જાણકાર

**સ**

સચિત્ત - જીવ સહિત પદાર્થ

સચેલક - વસ્ત્ર સહિત

સપ્તભંગી - વિવિધ સાત દૃષ્ટિથી પદાર્થનું મૂલ્યાંકન કરવાની પદ્ધતિ

સમનસ્ક - મનસહિત જીવ

સમભિરૂઢ નય - વિવિધ અર્થોમાંથી મૂળ અર્થનું જ્ઞાન કરાવનાર; જે વસ્તુ જે પર્યાયમાં હોય તેનો બોધ કરાવનાર

સમવસરણ - ધર્મસભા

સમિતિ - વ્રતપાલનના નિયમો

સમ્યક્ - યોગ્ય

સમ્યક્ જ્ઞાન - વસ્તુ સ્વરૂપને જોઈને તેના વિશે જ્ઞાનદૃષ્ટિ કેળવવી તે

સમ્યક્ ચારિત્ર્ય - યોગ્ય રીતે આત્મકલ્યાણાર્થે ચારિત્ર પાલન કરવું તે

સમ્યક્ત્વ - સમતા ભાવ

સમ્યક્ દર્શન - યોગ્ય જ્ઞાન; તત્ત્વોને યથાતથા રૂપે જાણવાની દૃષ્ટિ

સમ્યક્ દૃષ્ટિ - સમતાભાવવાળી દૃષ્ટિ

સર્વજ્ઞ - ત્રાણે લોક, અલોક અને ત્રિકાલવર્તી સમસ્ત પદાર્થોને એકસાથે એક સમયમાં સ્પષ્ટ-પ્રત્યક્ષ જાણવાવાળા

સંઘ - શ્રમણોનો સમુદાય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| સંઘાત | - | પરમાણુ પુદ્ગલોના સમૂહનો સમાગમ થવો |
| સંજ્વલન | - | મંદતમ કષાય |
| સંજ્ઞી | - | જ્ઞાનસહિત, મનવાળા |
| સંથારા | - | સલ્લેખના - સ્વયંમરણ |
| સંયતાસંયત | - | સંયત અને અસંયત સ્થિતિ |
| સંવર | - | અટકાવવું; રોકાવવું |
| સંશય | - | નિશ્ચયરહિત અનેક વિકલ્પોને ગ્રહણ કરવાવાળું કુજ્ઞાન |
| સંસારી | - | મનુષ્ય, દેવ, તિર્યંચ, નારક - ચાર ગતિવાળા જીવ |
| સંસ્થાન | - | ત્રિકોણ, ચતુષ્કોણ આદિ આકાર |
| સંહનન | - | અસ્થિબંધન; સહનશક્તિ |
| સાગરોપમ | - | એક માપ |
| સાધુ | - | બાવીસ પરીષહ સહન કરી તપમાં દૃઢ રહેનાર |
| સામાયિક | - | સમતાભાવમાં સ્થિર રહેનાર |
| સાસાદન | - | સમ્યક્ત્વથી ચ્યુત જીવ |
| સાંપરાય | - | સૂક્ષ્મ |
| સિદ્ધ | - | જેઓએ આઠે કર્મ નષ્ટ કરી મોક્ષ પ્રાપ્ત કર્યો છે તે |
| સિદ્ધશિલા | - | સિદ્ધાત્માને બિરાજવાનું સ્થળ |
| સ્કંધ | - | સમૂહ |
| સ્થાવર | - | પોતાના સ્થાને સ્થિર રહેનાર (પૃથ્વી વગેરે એકેન્દ્રિય જીવ) |
| સ્યાદ્વાદ | - | અનેકાન્તના સિદ્ધાન્તને ભાષા દ્વારા પ્રસ્તુત કરવાની પદ્ધતિ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગૂજરાત વિદ્યાપીઠનાં પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| ૧. | અર્થશાસ્ત્રની પરિભાષા | વિઠ્ઠલદાસ કોઠારી | ૨૦-૦૦ |
| ૨. | ઉર્દૂ લિપિ શિક્ષિકા | હંસરાજ જૈન, ગિરિરાજ કિશોર | ૨૦-૦૦ |
| ૩. | ગાંધીજીનું અર્થદર્શન | વિઠ્ઠલદાસ કોઠારી, અંબાલાલ પટેલ | ૩૫-૦૦ |
| ૪. | ગાંધીજી અને તેમના પાયાના કાર્યકરો | ડૉ. અંજના શાહ | ૧૦૦-૦૦ |
| ૫. | ગાંધીવાદી જીવનદર્શન અને અર્થવ્યવસ્થા | રમેશ બી. શાહ | ૧૦-૦૦ |
| ૬. | ગાંધીવિચાર અને પર્યાવરણ | પ્રવીણ શેઠ | ૪૦-૦૦ |
| ૭. | ગુજરાતી સાહિત્યકાર નર્મદ | દશરથલાલ શાહ | ૧૫-૦૦ |
| ૮. | ગુટનબર્ગથી બિલગેટસ્ સુધી મુદ્રણના જનકને શ્રદ્ધાંજલિ | જિતેન્દ્ર દેસાઈ | ૫૦-૦૦ |
| ૯. | ધર્મમીમાંસા | ગોવિંદભાઈ રાવલ | ૨૫-૦૦ |
| ૧૦. | પર્યાવરણીય અર્થશાસ્ત્ર : એક પરિચય | સુદર્શન આયંગાર, નિમિષા શુકલ | ૨૦-૦૦ |
| ૧૧. | પ્રાર્થના, કાંતણ, ખાદી સફાઈ કુલપતિના શબ્દો | સં. મગનભાઈ પટેલ | ૨૦-૦૦ |
| ૧૨. | યંત્રની મર્યાદા | નરહરિ પરીખ | ૨૦-૦૦ |
| ૧૩. | લોભ અને કરુણા | મુકુલભાઈ કલાર્થી | ૩૦-૦૦ |
| ૧૪. | વિદ્યાપીઠના વિઠ્ઠલકાકા | ડૉ. રજનીકાંત જોશી | ૨૦-૦૦ |
| ૧૫. | વૈશ્વિક જ્ઞાનમાં અમર્ત્યસેનનું પ્રદાન | સુરેન્દ્ર જે. પટેલ | ૧૦-૦૦ |
| ૧૬. | શાંતિના પાઠ | ગોવિંદભાઈ રાવલ | ૧૦-૦૦ |
| ૧૭. | સકલ પુરુષ | ગોવિંદભાઈ રાવલ | ૨૦-૦૦ |
| ૧૮. | સદ્‌બોધશતકમ્ | દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર | ૪૦-૦૦ |
| ૧૯. | સુદામા ચરિત | મગનભાઈ દેસાઈ | ૩૫-૦૦ |
| ૨૦. | શાશ્વત શાંતિનું પગેરું : બુનિયાદી શિક્ષણ | અરુણકુમાર દવે | ૧૦-૦૦ |
| ૨૧. | ગાંધીની વીરપસલી | સં. ભદ્રા સવાઈ | ૨૫૦.૦૦ |

પ્રાપ્તિસ્થાન : ગૂજરાત વિદ્યાપીઠ પુસ્તક ભંડાર, અમદાવાદ-૩૮૦ ૦૧૪
નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૩૮૦ ૦૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિંમત રૂ.૧૦/-

ISBN 978-81-89854-40-9